નંબર:-મભય/અશ/પ્રો.એ.ડી/૨૦૧૮/
નાયબ કલેકટર મધ્યાહન ભોજન યોજનાની કચેરી
બાલ ભવન,રામબાગ,મણીનગર,અમદાવાદ શહેર
તારીખ:- ૨૦/૦૭/૨૦૧૮

પ્રતિ,
જાહેર માહિતી અધિકારી અને
એસેસર અને ટેક્સ કલેકટર
R.T.I સેલ વિભાગ, સરદાર પટેલ ભવન,
દાણાપીઠ, અમદાવાદ

વિષય :- વર્ષ-૨૦૧૮-૧૯ ની પ્રો – એકટીવ ડીસ્કલોઝર ની માહિતી બાબત...

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, અત્રેની કચેરીની વર્ષ-૨૦૧૮-૧૯ ની પ્રો – એકટીવ ડીસ્કલોઝર ની માહિતી આ સાથે સામેલ રાખી મોકલી આપેલ છે. જેમાં એનેક્ષર -A નું પ્રમાણ પત્ર તથા પ્રો – એકટીવ ડીસ્કલોઝર ની હાર્ડ કોપી તથા સોફ્ટ કોપી (CD) સામેલ રાખેલ છે. જે આપ સાહેબને વિદિત થાય.

આપની વિશ્વાસુ

જાહેર માહિતી અધિકારી
અને
નાયબ ક્લેકટર
મધ્યાહન ભોજન યોજના
અમદાવાદ શહેર

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

# મધ્યાહન ભોજન યોજના, અમદાવાદ શહેર

# માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ની કલમ ૪(૧)

# અન્વયે

## મધ્યાહ્ન ભોજન યોજના, અમદાવાદ શહેર

## અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું પ્રોએક્ટીવ ડિસ્કલોઝર.

## મધ્યાહ્ન ભોજન યોજના, અમદાવાદ શહેરની ટુંકી વિગત

**પ્રસ્તાવના →**

ભારતના બંધારણના અનુચ્છેદ ૩૮-૩૯-૪૧-૪૩-૪૭ હેઠળ લોકોની મૂળભૂત જરૂરીયાતો પુરી કરવા રાજ્યને આદેશ અપાયો છે. મધ્યાહ્ન ભોજના યોજના રાજ્ય સરકારની પુરસ્કૃત બાળ કલ્યાણની યોજના છે. જેનો મુખ્ય ધ્યેય બાળકોને પોષણક્ષમ આહાર પ્રાપ્ત થાય તથા શાળામાં જવા તથા અભ્યાસ કરવા પરત્વે બાળકોની રૂચિ કેળવાય બાળકોની હાજરી નિયમિત જળવાય તથા ડ્રોપ આઉટ રેશિયો ઓછો થાય બાળકોમાં બચપણથી જ ભ્રાતૃભાવની ભાવના વિકસે તથા જાતિભેદ સબબની કટુતા દૂર થાય. બાળકોમાં સમુહ જીવનની ભાવના અને સમાનતાની ભાવના કેળવવાના શુભ આશયથી ગુજરાત રાજ્યમાં ૧૯મી નવેમ્બર-૧૯૮૪ થી પ્રાથમિક શાળાઓના બાળકોને મધ્યાહ્ન ભોજન યોજના હેઠળ બપોરનું ભોજન (રાંધેલો ગરમ ખોરાક) આપવાની કામગીરી અમલમાં મુકેલ હતી. નામદાર સુપ્રિમ કોર્ટના તા.૨૮/૧૧/૨૦૦૧ના ચુકાદાથી આ યોજનાને ફરજીયાત બનાવવામાં આવેલ છે. અને જે તે વર્ષમાં ઓછામાં ઓછા ૨૦૦ દિવસ ભોજન આપવાનું ઠરાવેલ છે. તેમજ તે અંતર્ગત એન.પી.-એન.એસ.પી.ઇ-૨૦૦૬ની ગાઇડલાઇન મુજબ રાજ્યની પ્રાથમિક શાળાઓના ધોરણ ૧ થી ૫ ના બાળકોને ૫૦ ગ્રામ ઘઉં, ૫૦ ગ્રામ ચોખા, ૨૦ ગ્રામ કઠોળ, ૧૦ ગ્રામ તેલ અને ૫૦ ગ્રામ શાકભાજી - મરીમસાલાનો ઉપયોગ કરીને મેનુ મુજબનો ગરમ રાંધેલો ખોરાક બાળકોને ખવડાવવાથી ૪૫૦ કેલરી અને ૧૨ ગ્રામ પ્રોટીન મળી રહે તેમજ ધોરણ ૬ થી ૮ ના બાળકોને ૭૫ ગ્રામ ઘઉં, ૭૫ ગ્રામ ચોખા, ૩૦ ગ્રામ કઠોળ, ૧૦ ગ્રામ તેલ અને ૭૫ ગ્રામ શાકભાજી – મરી મસાલાના જથ્થાનો ઉપયોગ કરીને મેનુ મુજબનો ગરમ રાંધેલો ખોરાક બાળકોને ખવડાવવાથી ૭૦૦ કેલરી અને ૨૦ ગ્રામ પ્રોટીન મળી રહે તે મુજબનો પોષણ મુલ્ય ધરાવતો ગરમ રાંધેલો ખોરાક દરેક શાળાઓમાં પ્રત્યેક લાભાર્થીને આપવાનું નક્કી થયેલ છે.

ભારત સરકારે એન.પી.-એન.એસ.પી.ઇ-૨૦૦૬ની ગાઇડલાઇન મુજબ યોજનાને અમલી બનાવેલ છે. અને તે અંતર્ગત પણ મધ્યાહ્ન ભોજન યોજનાનો અમલ કરવો ફરજીયાત બનેલ છે. આ પીટીશનના અનુસંધાને યોજનાના સુવ્યવસ્થિત અમલીકરણ માટે નામદાર સુપ્રિમ કોર્ટ બે કમિશનરશ્રીઓને નિયુકત કરેલ છે. જેઓ દ્વારા સમયાંતરે જુદા જુદા સૂચનો કરવામાં આવે છે. માનનીય મુખ્ય

સચિવશ્રી દ્વારા સમગ્ર યોજનાની વારંવાર સમીક્ષા કરવામાં આવે છે.

મધ્યાહન ભોજન યોજનાના પ્રારંભથી માનદ વેતન મેળવતાં સંચાલકો શાળામાં રસોઇની વ્યવસ્થા કરતા હતા. આ સંચાલકોને વાસણો, ઇન્ફ્રાસ્ટ્રકચર,બળતણ ખર્ચ વિગેરે સરકારશ્રી તરફથી પૂરૂં પાડવામાં આવતું હતું. હવે **અમદાવાદ શહેરની મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારની પ્રાથમિક શાળાઓમાં નીચે મુજબની ૨ (બે) NGO ને મધ્યાહન ભોજન યોજનાનું સંચાલન સોંપવામાં આવેલ છે.**

- **સ્ત્રીશક્તિ સંસ્થા (પૂર્વ વિસ્તારની પ્રાથમિક શાળાઓ)**
- **અક્ષયપાત્ર ફાઉન્ડેશન (પશ્ચિમ વિસ્તારની પ્રાથમિક શાળાઓ)**

## સ્ત્રીશક્તિ

શિક્ષણ વિભાગના તા.૦૩/૦૫/૨૦૦૬ના ઠરાવથી અમદાવાદ શહેરના સાબરમતી નદીના પુર્વ વિસ્તારની તમામ શાળાઓની મધ્યાહન ભોજન યોજનાનું સંચાલન પાયલોટ પ્રોજેકટથી ત્રણ વર્ષ માટે સ્ત્રીશક્તિ સંસ્થાને સોંપવામાં આવેલ છે. જે બદલ તા.૧૧/૦૫/૨૦૦૬ના રોજ એમ.ઓ.યુ. કરવામાં આવેલ હતું. જેને વર્ષો-વર્ષ રીન્યુ પણ કરવામાં આવેલ હતું. હાલ માં સદર સંસ્થાનો કોન્ટ્રાકટ માહે,૭/૧૨/૨૦૧૫ માં પુરો થતાં શિક્ષણ વિભાગના ઠરાવ નં.મભય/૧૩ ૨૦૦૫/૫૧૮/ભાગ-૨/આર તા.૧૫/૦૨/૨૦૧૬ના પત્ર મુજબ તા.૮/૧૨/૨૦૧૫ થી વધુ ત્રણ વર્ષનો કોન્ટ્રાકટ મંજુર કરેલ છે. સદર સંસ્થાનું મેકેનાઇઝડ કીચન ૧૯૧/૨, આંબાવાડી, રાણીપુર ચર્ચ પાસે, શાહવાડી, અમદાવાદ ખાતે આવેલ છે. સદર સંસ્થા સ્કૂલ બોર્ડ હસ્તકની પૂર્વ વિસ્તારની ૩૨૪ શાળાઓમાં ભોજન પુરૂ પાડવાની કામગીરી કરે છે.

## અક્ષયપાત્ર

શિક્ષણ વિભાગના તા.૧૧/૦૬/૨૦૦૭ના ઠરાવથી અમદાવાદ શહેરના સાબરમતી નદીના પશ્ચિમ વિસ્તારની તમામ શાળાઓની મધ્યાહન ભોજન યોજનાનું સંચાલન પાયલોટ પ્રોજેકટથી ત્રણ વર્ષ માટે અક્ષયપાત્ર ફાઉન્ડેશનને સોંપવામાં આવેલ હ્તુ. જેને વર્ષો-વર્ષ રીન્યુ પણ કરવામાં આવેલ હતું. હાલ માં સદર સંસ્થાનો કોન્ટ્રાકટ માહે,૦૯/૧૨/૨૦૧૭ના રોજ પુરો થતાં શિક્ષણ વિભાગના ઠરાવ નં.મભય/ ૧૦૨૦૧૭-૩૦૫-આર તા.૧૯/૦૭/૨૦૧૭ના પત્ર મુજબ તા.૧૦/૧૨/૨૦૧૭ થી વધુ ત્રણ વર્ષનો કોન્ટ્રાકટ મંજુર કરેલ છે. સદર સંસ્થાનું મેકેનાઇઝડ રસોડું અમદાવાદ ડેન્ટલ કોલેજ સામે, ભાડજ, અમદાવાદ ખાતે આવેલ છે. સદર સંસ્થા સ્કુલ બોર્ડ હસ્તકની પશ્ચિમ વિસ્તારની ૫૭ શાળાઓમાં ભોજન પુરુ પાડવાની કામગીરી કરે છે.

આમ પૂર્વ અને પશ્ચિમ વિસ્તારની મ્યુનિ સ્કુલ બોર્ડ હસ્તકની કુલ ૩૮૧ શાળાઓમાં ધો-૧ થી ૫ ના સરેરાશ ૪૪૮૫૦ અને ધો-૬ થી ૭ સરેરાશ ૩૩૨૦૬ મળી કુલ ૭૮૦૫૬ બાળકોને આ બંન્ને સંસ્થાઓ દ્વારા મધ્યાહન ભોજન પુરુ પાડવામાં આવે છે. બંન્ને સંસ્થા વાસણો, ઇન્ફ્રાસ્ટ્રાકચર, સ્ટાફ, બળતણ ખર્ચ વિગેરે ખર્ચ પોતે કરે છે. બંન્ને સંસ્થા તેમના વાહનોમાં રાંધેલો તૈયાર ખોરાક દરેક શાળાઓમાં પહોંચાડે છે.

## સંસ્થાઓનું ચૂકવણું

બંન્ને સંસ્થાને પ્રતિદિન, પ્રતિલાભાર્થી દીઠ નવા રેટ મુજબ ધોરણ-૧ થી ૫ ના રૂ.૪.૫૮/- જ્યારે ધોરણ-૬ થી ૮ ના રૂ.૬.૪૧/- લેખે સરકારશ્રી તરફથી ખર્ચ પેટે ચુકવણું કરવામાં આવે છે. તથા ધો. ૧ થી ૫ ના પ્રતિદિન પ્રતિલાભાર્થી દીઠ ૫૦ ગ્રામ ઘઉં અને ૫૦ ગ્રામ ચોખા અને ધો. ૬ થી ૮ ના પ્રતિદિન પ્રતિલાભાર્થી દીઠ ૭૫ ગ્રામ ઘઉં અને ૭૫ ગ્રામ ચોખા પણ આપવામાં આવે છે. તેમજ સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૧૭/૦૨/૨૦૧૦ના ઠરાવથી કુક-કમ-હેલ્પરનેમાસીક માનદ વેતન રૂપિયા ૧૪૦૦/- લેખે સરકારશ્રીતરફથી ફાળવવામાં આવતી ગ્રાન્ટમાંથી સંસ્થાઓ મારફતે ચુકવણી કરવામાં આવે છે.

## હિસાબી કામગીરી

અત્રેની કચેરીને કમિશનશ્રી મધ્યાહન ભોજન યોજના, ગાંધીનગર દ્વારા બજેટ સદર ૨૨૩૬-પોષક આહાર હેઠળ ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવે છે. અત્રેની કચેરીના નાયબ કલેકટરશ્રીને રૂ.૫૦૦૦/-

સુધીના ખર્ચ કરવાની સત્તા છે. રૂ.૫૦૦૦/- ઉપરના ખર્ચનું ચૂકવણું નાયબ કલેકટર તેમજ નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રીની સંયુક્ત સહીથી કરવામાં આવે છે.

## મધ્યાહ્‌ન ભોજન યોજના, અમદાવાદ શહેર

**વહીવટી માળખું.**

**માનનીય મ્યુનિસિપલ કમિશ્નરશ્રી**

**ડે. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી (મ.ભો.યો)**

**નાયબ કલેક્ટરશ્રી, મધ્યાહ્‌ન ભોજન યોજના, અમદાવાદ શહેર**

**નાયબ મામલતદાર**

**નાયબ હિસાબનીશ**

**જુનીયર ક્લાર્ક**

**પ્રો.કો. ઓર્ડીનેટર**

**પટાવાળા**

## મધ્યાહ્‌ન ભોજન યોજના, અમદાવાદ શહેર સ્ટાફની વિગત

| અ.નં | અધિ.શ્રી/કર્મચારીશ્રીનું નામ | હોદ્દો |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | શ્રી કે. બી. ઠક્કર | નાયબ મ્યુનિ.કમિ.શ્રી (મ.ભો.યો) |
| ૨ | શ્રી જિજ્ઞાસા પંડ્યા | નાયબ કલેકટરશ્રી (મ.ભો.યો, અમદાવાદ શહેર) |
| ૩ | શ્રીમતી વી. બી. પટેલ | નાયબ મામલતદાર |
| ૪ | શ્રીમતી આર. ડી. જાડેજા | નાયબ હિશાબનીશ |
| ૫ | શ્રી ડેનિશ ક્રિશ્ચિયન | જુનિયર ક્લાર્ક |
| ૬ | શ્રી કાનન સોલંકી | પ્રો. કો. ઓર્ડીનેટર |
| ૭ | શ્રીમતી આર. સી. પરમાર | પટાવાળા |
| ૮ | શ્રી વિજય જી. ડેકાટે | કોમ્પ્યુટર ઓપરેટર |

**એનેક્ષર – એ**

(સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૦૫/૨૦૦૯ના પરિપત્ર ક્રમાંક :- પીએડી-૧૦-૨૦૦૭-૩૩૫૩૬૪ આર.ટી.આઇ સેલનું બિડાણ)

**પ્રમાણ પત્ર**

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, મારી વડી કચેરી (પ્રોપર) તથા વહીવટ કાર્યક્ષેત્રના આ સાથેની યાદી મુજબના જાહેર સત્તા મંડળો દ્વારા માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ ની કલમ-૪ અંતર્ગત સ્વયં જાહેર કરવાની બાબતો (પ્રોએક્ટીવ ડીસ્કલોઝર) (પીએડી) તૈયાર કરવામાં આવી છે. અને તા.૦૧/૦૫/૨૦૧૮ ની સ્થિતિએ તે અદ્યતન કરવામાં આવેલ છે. જેનું અમારા દ્વારા માહે. મે/જુન – ૨૦૧૮ દરમ્યાન ઇન્સપેકશન- કમ-ઑડીટ કરવામાં આવ્યું છે. જે બાબતે ક્ષતિ જણાઇ હતી અગર તો અપૂરતી વિગતો જણાઇ હતી તેની પૂર્તતા કરવામાં આવી છે.

તા.૩૦/૦૬/૨૦૧૮ ની સ્થિતિએ હવે મધ્યાહન ભોજન યોજના, અમદાવાદ શહેર શાખાના પ્રોએક્ટીવ ડીસ્કલોઝર (પીએડી)નું ઇન્સપેકશન- કમ-ઑડીટ બાકી રહેલ નથી.

તા. ૨૦/૦૭/૨૦૧૮ હોદ્દો :- ડે. મ્યુનિ. કમિશનર

મુખ્ય મથક :- અમદાવાદ કચેરીનું નામ :- અ.મ્યુનિ.કોર્પો.